सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૦૪/૧૨/૨૦૨૦** |
| **નોંધ્યા તારીખ** | **૦૪/૧૨/૨૦૨૦** |
| **ફેંસલ તારીખ** | **૦૯/૦૩/૨૦૨૪** |
| **સમયગાળો** | **વર્ષ ૦૩ માસ ૦૩ દિન ૦૫** |

*************************************************

**બીજા એડી. ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

*************************************************

**ક્રિમીનલ કેસ નંબર :** ૧૩૦૮/૨૦૨૦

**આંક :** ૪૬

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ :**
(૧) ઠાકોર સુરેશજી નાનાજી,
ઉ.વ.આ.૩૨, ધંધો–મજુરી,
રહે.હાંસાપુર મોટોવાસ, તા.જી.પાટણ.
(૨) ઠાકોર વિષ્ણુજી પ્રધાનજી **(મૈયત)**,
(૩) સેનમા પ્રહલાદભાઈ ધનાભાઈ,
ઉ.વ.આ.૨૫, ધંધો–મજુરી,
રહે.બોરસણ, તા.જી.પાટણ.
(૪) ઠાકોર અભેસિંહ ગલાબજી,
ઉ.વ.આ.૩૫, ધંધો–મજુરી,
રહે.બોરસણ, તા.જી.પાટણ.

**ગુન્હો :** જુગાર ધારા કલમ–૧૨ મુજબ.

---

**ફરીયાદ પક્ષે** : મદદનીશ સરકારી વકીલશ્રી આર.પી.ઓઝા
**આરોપીઓ પક્ષે** : વિ.વ.શ્રી આઈ.પી.ઠાકોર

---

**–: જજમેન્ટ :–**

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૨/૦૮/૨૦૨૦ ના રોજ કલાક ૧૬:૪૫ દરમ્યાન મોજે હાંસાપુર સીમમા તળાવ નજીક બાબરા મામા ના મંદિર સામે ખુલ્લી જગ્યામાં પોતાના ફાયદા સારૂ તીનપત્તીનો જુગાર રમી રમાડતા જુગાર રેઈડ દરમ્યાન જુગારના સાહિત્ય તથા મોબાઈલ નંગ–૦૪ કિં.રૂા. ૧૬,૦૦૦/– તથા રોકડ રકમ રૂા.૧૭,૨૧૦/– મળી કુલ રૂા.૩૩,૨૧૦/– ના મુદ્દામાલ સાથે પોલીસ રેડ દરમ્યાન પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

૨. આ કામના આરોપીઓને સમંસ કરવામાં આવતાં આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતાં ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ મુજબ તેઓને સદરહું કેસના પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ સામે આંક–૪૨ થી આંક–૪૪ સુધી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓને તેમની સામેના ગુન્હાનો આક્ષેપ વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરે છે તથા આંક–૪૫ થી નો કલેઈમ પુરસીસ આપેલ છે અને ગુન્હા કબુલાતની પુરસીસ આંક–૩૯ થી આંક–૪૧ સુધી આપી જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ, મજુર વર્ગના બાળબચ્ચાવાળા માણસ છે. તેમજ કુટુંબમાં કમાનાર તેમના સિવાય બીજુ કોઈ નથી. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે અને ફરીથી આવો

ગુન્હો નહીં કરવાની ખાત્રી આપી દયાની માંગણી કરે છે. આમ, આરોપીઓની આ ગુન્હાની કબુલાત સ્વૈચ્છિક હોઈ, હું તે સ્વીકારું છું અને આ કામના આરોપીઓને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીઓની ઉપરોકત ગુના કબુલાત પુરસીસ અન્વયેની રજુઆત ધ્યાનમાં લેતાં આરોપીઓએ રજુ કરેલ કારણો ઓછી સજા અને દંડ કરવા માટેના ખાસ અને પુરતાં કારણો છે. વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોર** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતાં અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકિકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાન નં. ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. વધુમાં આરોપીઓ ગરીબ વર્ગના માણસ છે તેવી તેમની કબુલાત ધ્યાનમાં લેતાં તેમજ આવો ગુનો ફરીવાર નહી કરવાની ખાતરી આપેલ છે. જેથી આરોપીઓની સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ કાયદાએ સુચવેલ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું માનું છું. સબબ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી નં.૧,૩,૪ ઓને જુગાર ધારાની કલમ–૧૨ મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન

ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા) એમ કુલ રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ નો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો વધુ દિન–ર (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જયારે આરોપી નં.ર ચાલુ ટ્રાયલે અવસાન પામેલ છે.

(ર) આરોપીઓએ કુલ રૂા.૩૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ વસુલ આપવો.

(૩) મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તેમજ મુદ્દામાલ મોબાઈલ માલિકીની ખરાઈ કરી પરત સોંપવો અથવા અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અને બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

**(R.B.CHAUHAN)**